**શ્રી લવિંગજી સોલંકી (રાધનપુર)**

**અગ્રતા ક્રમ – ૧૮**

## પ્રશ્ન–૧: ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડરમાં મંજુર થયેલ હોય અને ભરતી કરવાની બાકી હોઇ તેવી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે ?

જવાબ : **માન. અધ્યક્ષશ્રી સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..**

ભરતી કેલેન્ડરમાં વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૨ સુધીની મંજુર થયેલ કુલ ૧૩૦ જગ્યાઓની જાહેરાત ક્રમાંક : ૧૩/૨૦૨૨–૨૩ની ભરતી સબબ ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે ઉમેદવારોની અંતિમ તબકકાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

આમ ઉપરોકત વિષયે પશુચિકિત્સા અધિકારીની ૧૩૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે પ્રગતિ હેઠળ છે. જે વહીવટી પ્રક્રીયા પુરી થયેથી અને ઉમેદવાર ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની વધુ ૧૩૦ જગ્યાઓ ભરી શકાશે.

જયારે દસ વર્ષિય ભરતી કેલેન્ડરના છેલ્લા વર્ષ ૨૦૨૩ ની મંજુર થયેલ ૨૨ જગ્યાનું માંગણી પત્રક સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ છે.